# વિક્રાંત સર્કલ ખાતે ટ્રાય-ઓ સ્પાઈસ રેસ્ટોરન્ટનો ભવ્ય શુભારંભ












ઘાટકોપર ઈસ્ટમાં વિક્રાંત સર્કલ ખાતે ઘાટકોપરના ભાવિન ભાનુશાલી, પાર્થ ભાનુશાલી, મિતેષ ભાનુશાલી, નિખીલ શાહ અને ભુશન ગજરા દ્વારા ટ્રાય-ઓ સ્પાઈસ રેસ્ટોરન્ટ શરૂ કરવામાં આવી છે. ઘાટકોપરની સ્વાદપ્રિય જનતા માટે અહીં ઓથેન્ટીક ઈન્ડિયન સ્પાઈસીસ સાથે, લક્ઝરીયસ ઈન્ટીરીયર અને પોકેટ ફ્રેન્ડલી પ્રાઈસના તડકા સાથે ચટાકેદાર વાનગીઓ મળશે. આ ઉદ્‌ઘાટન પ્રસંગે અનેક જાણીતી હસ્તીઓ અને સ્ટાર્સએ રેસ્ટોરન્ટની મુલાકાત લીધી હતી.

# વોઈસ ઓફ ઘાટકોપર - છેડાસ ફૂડ કિંગડમના રેસિપી કોન્ટેસ્ટના

WINNER!

# વિજેતાને મળી લો

## શિયાળુ પાક - મગદડીયા



મગદડીયા સામગ્રી : ચણાનો લોટ ૪૫૦ ગ્રામ, ઘી ૨૦૦ ગ્રામ, સાકર પોણી વાટકી, મલાઈ ચાર ટેબલ સ્પુન, કેસર, બદામ, ઈલાયચી પ્રમાણસર.

રીત : ચણાના લોટમાં મલાઈ નાખી ઘી ગરમ કરી તે તેની પર નાખો (૫૦ ગ્રામ) પછી બધુ સરસ રીતે ભેળવી દઈ તેને ૧ કલાક ઢાંકી રાખો પછી ચારણીથી તે લોટ ઘસીને ચાળી નોખો એક લોયામા ંઘી મુકી તેમા લોટ નાખી શેકો તેમાં ઈલાયચી કેસર નાખો. લોટ બરાબર સેકાઈ જાય પછી તેમાં બદામના ટુકડા નાખો મગદડીયા સાવ ઠરી જાય પછી તેમા દળેલી સાકર ભેળવી નાના નાના લાડુ વાળો ઉપર એક એક બદામ મુકી સરસ મગદડીયા તૈયાર થાય.

**આ વખતના રેસીપીના વિજેતા છે બિંદુ મહેતા**




## દર અઠવાડિયે રેસીપી કોન્ટેસ્ટમાં વિજેતાઓ જીતી રહ્યા છે રૂા.1000નું ગીફ્ટ હેમ્પર

ગત અંકના રેસીપી કોન્ટેસ્ટના વિજેતા યુતી ઢોલકીયાને રૂા.1000ની કિંમતનું ગીફ્ટ હેમ્પર **છેડા'સ ફૂડકિંગડમ** તરફથી આપવામાં આવ્યું હતું.

**આપે રેસીપી મોકલી કે નહીં?**

**રેસીપી મોકલવા અને વધુ માહિતી માટે સંપર્ક કરો : સિંજલ કોઠારી - 8655185667**



# ભવ્યતા ફાઉન્ડેશન દ્વારા રમાબાઈમાં રહેતી 60 સગર્ભા સ્ત્રીઓ માટે વિશેષ શિબીર યોજાઈ



ભવ્યતા ફાઉન્ડેશન એ એક નોન પ્રોફીટ ઓર્ગેનાઈઝેશન છે જે સામાજિક વિકાસ, આજીવિકા અને સર્વગ્રાહી શિક્ષણ માટે કાર્યરત છે.

પ્રોજેક્ટ 'MAA - માતા આરોગ્ય અભિયાન' હેઠળ, ઘાટકોપર પૂર્વમાં રમાબાઈ કોલોની ખાતે 60 સગર્ભા સ્ત્રીઓને વૈવિધ્યપૂર્ણ પોષણ કિટ અને 'ગર્ભ સંસ્કાર' અંગેના વિશેષ સત્રો યોજી તેમને સહાયરૂપ થયેલ. જેમાં 28મી ઓક્ટોબરે ઉદઘાટન સત્ર યોજાયેલ અને 9મી અને 28મી ડિસેમ્બરે ફોલો-અપ સત્રો યોજાશે. ઉપરાંત સગર્ભા અને જન્મ લેનાર બાળકના સ્વાસ્થ્ય માટે વિશેષ રેસીપી પણ આપવામાં આવી હતી. અમદાવાદના ડૉ. પ્રાચી દેસાઈએ પણ તેના માટે એક ઓનલાઈન સેશન રજૂ કર્યું હતું. 500 સગર્ભા સ્ત્રીઓને મદદ કરવાનું તેમનું લક્ષ્ય છે.







